# HITESH LAIWALA
# MAHARSHI LAIWALA
ADVOCATES & TAX-CONSULTANTS


## કાનૂની અભિપ્રાય

પ્રતિ,
પાર્શ્વ એન્ટરપ્રાઈઝ એલએલપી,
ઠેકાણું: બ્લોક નં.૧૭૨, ટી.પી. સ્કીમ નં.૯,
ફાયનલ પ્લોટ નં.૬, સબ પ્લોટ નં.૨,
ડ્રીમ ફેસ્ટીવાની સામે, પાલનપોર,
ગૌરવપથ રોડ,
સુરત-૩૯૫૦૦૯.

વિષય: **સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ ડીસ્ટ્રીકટ, મોજે: ભેંસાણ, તાલુકો: ચોર્યાસી, જીલ્લો: સુરતના બ્લોક નં.૧૭૨ વાળી ૧૧૭૩૬ સ.ચો.મી. ક્ષેત્રફળની જમીન કે જેના બદલે ટી.પી. સ્કીમ નં.૯(પાલણપોર-ભેંસાણ) લાગુ થતા ફાઈનલ પ્લોટ નં.૬ (જુનો ફાઈનલ પ્લોટ નં.૧૨૧) થી ૮૨૧૫ સમ ચોરસ મીટર જમીન ફાળવવામાં આવી છે તે અંતિમ ખંડની જમીન પૈકી સુરત મહાનગરપાલિકાએ મંજુર કરેલ પ્લાન મુજબ સબ પ્લોટ નં.૨ વાળી ૪૧૦૭.૫૦ સ.ચો.મી. ક્ષેત્રફળની બિનખેતીની જમીન તથા તે ઉપર મંજુર થયેલા પ્લાન મુજબ બાંધવા ધારેલ ''પ્રતિષ્ઠા હાઈટસ'' નામથી ઓળખાતી એસ્ટેટના ટાઈટલ બાબતે કાનૂની અભિપ્રાય બાબત.**

જત તમારી સુચના ઉપરથી અમે વિષયમાં જણાવેલા જમીનને લગતા તમે રજુ કરેલા કાગળો તપાસેલા છે અને તે રેકર્ડ જોતા જમીનના ટાઈટલ નીચે વિવરણમા જણાવ્યા મુજબ છે.

**૧)** મોજે ભેંસાણના સર્વે નં.૯૭ વાળી જમીન મુળ પેમી બીજુ ભીખાની છોકરીની માલિકીની ચાલી આવેલી. તેઓ પાસેથી સદરહુ જમીન તા:૮/૫/૧૯૩૧ ના દસ્તાવેજથી બચુ તે એદલજી નસરવાનજીની ધણીયાણીએ વેચાણ રાખેલી. તે દસ્તાવેજ આધારે ખરીદનારનુ નામ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નં.૧૯૬ તા:૭/૭/૧૯૩૧ ના રોજ દાખલ થયેલુ.

મહેરબાન મામલતદાર સાહેબના હુકમ નં.ટેનન્સી તા.૨૨/૧૧/૧૯૪૭ થી ગામ નમુના નં.૭/૧૨ માં બીજા હકકમાં સંરક્ષિત ગણોતીયાઓની નોંધ કરવામાં આવેલી. તે હુકમ મુજબ સરવે નં.૯૭ વાળી જમીનમાં ગણોતીયા તરીકે વલ્લભ ભગાનુ નામ દર્શાવવામાં આવેલુ.

Maharshi

મજકૂર હુકમની નોંધ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નં.૭૦૧ તારીખઃ ૧/૨/૧૯૪૮ થી કરવામાં આવેલી અને તે એન્ટ્રી તારીખઃ ૨૩/૪/૧૯૪૮ ના રોજ પ્રમાણીત થયેલી.

જમીન માલિક બચુ એદલજી નસરવાનજીની ધણીયાણી ચાલી આવેલા અને ગણોતીયા વલ્લભ ભગા ચાલી આવેલા. જેની ગણોત ધારાની કલમ-૩૨-ગ ની ઈન્કવાયરી ચાલી તે કામમાં ટેનન્સી ૩૨-ગ કેસ નં.ભેસાણ ૧૭૫૦ સુરત તારીખઃ ૧૪/૪/૧૯૬૪ થી જમીન માલિક વિધવા હોવાથી ખરીદી મુલતવી રાખવાનો હુકમ થયેલો. તે હુકમની નોંધ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નં.૧૦૯૦ તારીખઃ ૨૮/૭/૧૯૬૪ થી થયેલી અને તે નોંધ તારીખઃ ૮/૩/૧૯૬૫ ના રોજ પ્રમાણીત થયેલી.

વલ્લભ ભગાએ ખેતરમાં પાકો કૂવો બાંધવા માટે જીલ્લા પંચાયત કચેરી, વિકાસ શાખા, સુરતમાંથી સબ સીડી લીધેલી. તે સબસીડીની બીજા હકકમાં હકક પત્રક એન્ટ્રી નં.૧૧૦૬ તારીખઃ ૨૦/૫/૧૯૬૫ થી નોંધ કરવામાં આવેલી અને નોંધ તારીખઃ ૨૪/૯/૧૯૯૬૫ ના રોજ પ્રમાણીત થયેલી.

જમીન માલિક બચુ એદલજી નસરવાનજીની વિધવાના કુલમુખત્યાર - ડોસાભાઈ કુંવરજી પાસેથી વલ્લભભાઈ ભગાભાઈએ સર્વે નં.૯૭ ની પુરેપુરી જમીન રૂા.૬,૦૦૦/- પુરામાં રજીસ્ટર્ડ દસ્તાવેજની રૂએ વેચાણ રાખેલી. જેના મામલતદાર સાહેબ તરફથી આવેલ રજીસ્ટર્ડ દસ્તાવેજના હુકમ નં.આર.ટી.એસ. રજી.૯૧૦/૬૯/૭૦ સુરત તારીખઃ ૨૩/૧૧/૧૯૭૦ મુજબ વેચાણ રાખનારનુ નામ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નં.૧૨૮૩ તારીખઃ ૨૩/૧૧/૧૯૭૦ થી દાખલ થયેલુ અને તે એન્ટ્રી તારીખઃ ૭/૪/૧૯૭૧ ના રોજ પ્રમાણીત થયેલી.

વલ્લભભાઈ ભગાભાઈએ પોતાની હયાતીમાં પોતાના સીધી લીટીના વારસદાર ત્રણ પુત્રો નામે ડાહ્યાભાઈ વલ્લભભાઈ, કાંતીલાલ વલ્લભભાઈ તથા મણીલાલ વલ્લભભાઈને સ્વતંત્ર હકકે જમીનો વહેચી આપેલી. તે વહેચણ મુજબ સરવે નં.૯૭ પૈકી એકર ૨ - ૩૫ ગુંઠા અને સરવે નં.૧૧૨/૨ વાળી એકર ૩ - ૧૯ ગુંઠા મળી એકર ૬ - ૧૪ ગુંઠા તથા સરવે નં.૨૬૬/૬ વાળી એકર ૦ - ૦૩ ગુંઠા જમીન ડાહ્યાભાઈ વલ્લભભાઈને આપવામાં આવેલી. સરવે નં.૯૦/૧ વાળી એકર ૨ - ૩૭ ગુંઠા, સરવે નં.૯૦/૨ વાળી એકર ૧ - ૧૮ ગુંઠા તથા સરવે નં.૯૭ પૈકી વાળી એકર ૨ - ૩૬ ગુંઠા જમીન કાંતીભાઈ વલ્લભભાઈને આપવામાં આવેલી. તે જ રીતે સરવે નં.૯૭ પૈકી એકર ૨ - ૩૬ ગુંઠા, સરવે નં.૧૩૨/૧ વાળી એકર ૨ - ૨૦ ગુંઠા અને સરવે નં.૮૧/અ/૩ વાળી એકર ૦ - ૧૧ ગુંઠા મળી કુલ્લે એકર ૫ - ૨૭ ગુંઠા જમીન મણીભાઈ વલ્લભભાઈને આપવામાં આવેલી. તે વહેચણની મહેસુલી રેકર્ડ ઉપર હકક

પત્રક એન્ટ્રી નં.૧૪૬૮ તારીખઃ ૯/૧૧/૧૯૭૭ થી કરવામાં આવેલી અને તે એન્ટ્રી તારીખઃ ૪/૨/૧૯૭૮ ના રોજ પ્રમાણીત થયેલી.

મદદનીશ એકત્રીકરણ અધિકારી-૧, સુરતએ હિસ્સા પુરવણી પત્રક નં.૧૫ બનાવી વગડે કબજા આધારે સર્વે નંબરોની દુરસ્તી કરેલી. તે મુજબ સર્વે નં.૯૭ વાળી એકર ૮ - ૨૭ ગુંઠા યાને ૩૫૧૦૭ સમ ચોરસ મીટર જમીનના ત્રણ હિસ્સા થયેલા જે અનુક્રમે સર્વે નં.૯૭ હિસ્સા ૧ ક્ષેત્રફળ ૨ એકર ૩૫ ગુંઠા, સર્વે નં.૯૭ હિસ્સા ૨ ક્ષેત્રફળ ૨ એકર ૩૬ ગુંઠા તથા સર્વે નં.૯૭ હિસ્સા ૩ ક્ષેત્રફળ ૨ એકર ૩૬ ગુંઠા તરીકે ઓળખવામાં આવેલા. હિસ્સા પુરવણી પત્રકની મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નં.૧૫૨૮ તારીખઃ ૧૭/૬/૧૯૮૦ થી નોંધ કરવામાં આવેલી અને તે નોંધ તારીખઃ ૬/૧૦/૧૯૮૧ ના રોજ પ્રમાણીત થયેલી. પુરવણીપત્રક આધારે જમીનોની ૭/૧૨ પણ અલગ થયેલી.

મણીલાલ વલ્લભભાઇ પટેલએ પાલ ગ્રુપ કોટન સેલ સોસાયટી લીમીટેડમાંથી રૂા.૩,૦૦૦/- ની લોન લીધેલી. તેથી મંડળીના એકરારનામા આધારે મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નં.૧૫૩૭ તારીખઃ ૧૪/૮/૧૯૮૦ થી બોજો દાખલ કરવામાં આવેલો અને તે નોંધ તારીખઃ ૬/૧૦/૧૯૮૧ ના રોજ પ્રમાણીત થયેલી.

એકત્રીકરણ યોજના અમલમાં આવતા મણીલાલ વલ્લભભાઇના હિસ્સાની સર્વે નં.૯૭/૩ તરીકે ઓળખાતી એકર ૨ - ૩૬ ગુંઠા યાને ૧૧૭૩૬ ચોરસ મીટર જમીનને બ્લોક નં.૧૭૨ આપવામાં આવેલો. એકત્રીકરણ યોજના નોંધ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નં. ૧૬૩૮ તારીખઃ ૧૧/૧૧/૧૯૮૩ થી થયેલી.

મણીલાલ વલ્લભભાઈએ પાલ ગ્રુપ કોટન સેલ સોસાયટી લીમીટેડ પાસેથી રૂા.૯,૦૦૦/- પુરાની લોન લીધેલી. તેથી મંડળીના એકરારનામા આધારે મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નં.૧૯૨૮ તારીખઃ ૧૫/૧૧/૧૯૯૦ થી બોજાની નોંધ કરવામાં આવેલી.

મણીલાલ વલ્લભભાઈએ પાલ ગ્રુપ કોટન સેલ સોસાયટી લીમીટેડ પાસેથી રૂા.૪,૫૦૦/- પુરાની લોન લીધેલી. તેથી મંડળીના એકરારનામા આધારે મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નં.૧૯૭૫ તારીખઃ ૨૩/૧૧/૧૯૯૩ થી બોજાની નોંધ કરવામાં આવેલી.

મણીલાલ વલ્લભભાઈ તારીખઃ ૪/૮/૨૦૦૨ ના રોજ ભેંસાણ ગામે અવસાન થવાથી તેમના કાયદેસરના વારસદારો (૧) રેવાબેન તે મણીલાલ વલ્લભભાઈની વિધવા, (૨) ગીતાબેન મણીલાલ, (૩) રાજેશભાઈ મણીલાલ, (૪) નરેશભાઈ મણીલાલ તથા (૫) દક્ષાબેન મણીલાલના નામો, પેઢીનામું, પંચકયાસ, વારસાઈ અરજી તથા મરણ દાખલ તથા પક્ષકારોના જવાબ આધારે બ્લોક નં.૧૭૨, ૨૪૨ અને ૩૧૩ વાળી જમીનના મહેસુલી રેકર્ડ ઉપર હકક

પ્રક એન્ટ્રી નં.૨૨૦૭ તારીખઃ ૧૩/૨/૨૦૦૩ થી દાખલ કરવામાં આવેલા અને તે એન્ટ્રી તારીખઃ ૨૭/૬/૨૦૦૩ ના રોજ પ્રમાણીત થયેલી.

રેવાબેન મણીલાલ વગેરેએ ધી પાલ ગ્રુપ કોટન સોસાયટી લીમીટેડના રૂા.૧૨,૦૦૦/- ની બોજાની રકમ વ્યાજ સહિત ભરપાઈ કરી દીધી હોવાથી મજકુર મંડળીના બોજામુકિતના સર્ટીફીકેટ આધારે બ્લોક નં.૧૭૨ ના મહેસુલી રેકર્ડ ઉપર મહેસુલી રેકર્ડ ઉપર હકક પ્રક એન્ટ્રી નં.૨૨૧૮ તારીખઃ ૪/૯/૨૦૦૩ થી બોજામુકિતની નોંધ કરવામાં આવેલી અને તે એન્ટ્રી તારીખઃ ૧૭/૧૦/૨૦૦૩ ના રોજ પ્રમાણીત થયેલી. પરંતુ મહેસુલી રેકર્ડ ઉપર દર્શાવેલ પાલ કોટન મંડળીના બીજા બોજા ભરપાઈ થયા હોવાનો રેકર્ડ મળી આવતો નથી. આમ છતાં હાલના મહેસુલી રેકર્ડ ઉપર કોઈ બોજા પડતર હોવાનુ જણાતુ નથી.

મહેસુલી રેકર્ડ ઉપર બીજા હકકમાં રૂા.૫૦૦/- તગાવીનો બોજો ચાલી આવેલો. જે રકમ તારીખઃ ૨૩/૪/૨૦૦૪ ન ચલણથી ભરપાઈ થયેલી હોવાથી મહેરબાન તાલુકા વિકાસ અધિકારી, ચોર્યાસીના પત્ર નં.તા.પં./તગાવી/ બોજામુકિત-૧૭૩૨-૩૩/વ.જ.૮૪ સુરત તારીખઃ ૨૭/૪/૨૦૦૪ ના હુકમ મુજબ મહેસુલી રેકર્ડ ઉપર હકક પ્રક એન્ટ્રી નં.૨૨૬૨ તારીખઃ ૨૮/૪/૨૦૦૪ થી બોજા કમીના હુકમની નોંધ કરવામાં આવેલી અને તે નોંધ તારીખઃ ૪/૬/૨૦૦૪ ના રોજ પ્રમાણીત થયેલી.

બ્લોક નં.૧૭૨ વાળી નવી શરતની જમીન જુની શરતમાં ફેરવવા માટે જમીન માલિકો રેવાબેન મણીલાલ વગેરેએ તારીખઃ ૯/૬/૨૦૦૩ અને તારીખઃ ૨૭/૯/૨૦૦૪ ના રોજ અરજી કરતા કલેકટરશ્રી, સુરતએ તેમના હુકમ નં.ગણત/નશજ/વશી/૪૭૦૩/૦૫ એસઆર નં.૧૭/૦૪ તા:૧૮/૮/૨૦૦૫ થી પ્રિમીયમની રકમ રૂા.૨૫,૩૦,૨૨૦/- વસુલ કરી બિનખેતી રહેણાંક હેતુ માટે જુની શરતમાં હેતુફેર કરવાનો હુકમ કરેલો. તે હુકમની નોંધ મહેસુલી રેકર્ડ ઉપર હકક પ્રક એન્ટ્રી નં.૨૩૨૨ તારીખઃ ૨૭/૮/૨૦૦૫ થી કરવામાં આવેલી અને તે એન્ટ્રી તારીખઃ ૭/૧૦/૨૦૦૫ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલી.

રેવાબેન તે મણીલાલ વલ્લભભાઈની વિધવા વગેરે પાસેથી સદરહુ કુલ્લે જમીન તારીખઃ ૯/૯/૨૦૦૫ ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની રૂએ નલિનકુમાર ચંદ્રકાંત પટેલ અને ગીતાબેન ગુણવંતભાઈ પટેલએ વેચાણ રાખેલી. તે વેચાણ દસ્તાવેજ મહેરબાન સુરત-૪(કતારગામ) ના સબ-રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં ૧ નંબરની બુકના ૯૩૫૦ નંબરે તા:૨૨/૯/૨૦૦૫ ના રોજ રજીસ્ટર્ડ થયેલો. તે દસ્તાવેજ આધારે ખરીદનારનુ નામ મહેસુલી રેકર્ડ ઉપર હકક પ્રક એન્ટ્રી નં.૨૩૪૨ તા:૨૮/૧૧/૨૦૦૫ થી દાખલ થયેલા અને તે એન્ટ્રી તારીખઃ ૨૭/૧/૨૦૦૬ ના રોજ પ્રમાણીત થયેલી.

**3rd floor, Saigon, City Light Road, Parlepoint, Surat - 395007.**
**email: office@ legitimeglobal.com, Phone:0261-2225351 & 745035351**

ત્યારબાદ નલિનકુમાર ચંદ્રકાંતભાઈ તારીખઃ ૧૬/૧/૨૦૦૭ ના રોજ પારિજાત હોસ્પિટલ, સુરત ખાતે ગુજરી ગયેલા. તેમના પેઢીનામામાં જણાવ્યા પ્રમાણે તેમના સીધી લીટીના વારસદારો ભારતીબેન તે નલિનકુમાર ચંદ્રકાંત પટેલની વિધવા, ભાવિની નલિનકુમાર, અને હિમાંશુ નલિનકુમાર પટેલના નામ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નં.૨૪૩૧ તારીખઃ ૨૯/૩/૨૦૦૭ થી વારસાઈ હકકે દાખલ કરવામાં આવેલા અને તે એન્ટ્રી તારીખઃ ૩૦/૮/૨૦૦૭ ના રોજ પ્રમાણીત થયેલી.

ટી.પી. સ્કીમ નં.૯(પાલણપોર-ભેંસાણ) પ્રિલીમીનરી થતા બ્લોક નં.૧૭૨ વાળી જમીનના બદલામાં ફાઈનલ પ્લોટ નં.૬ (જુનો ફાયનલ પ્લોટ નં.૧૨૧) આપવામાં આવેલો અને તેનુ ક્ષેત્રફળ ૮૨૧૫ સમ ચોરસ મીટર કાયમ રહેલુ. ભારતીબેન તે નલિનકુમાર ચંદ્રકાંતની વિધવા, ભાવિની નલિનકુમાર, હિમાંશુ નલિનકુમાર અને ગીતાબેન ગુણવંતભાઈ પટેલ પાસેથી અંતિમ ખંડની જમીન પેકી ૪૧૦૭.૫૦ સમ ચોરસ મીટર જમીન તારીખઃ ૫/૧૦/૨૦૦૭ ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી માવજીભાઈ પ્રેમજીભાઈ સવાણીએ વેચાણ રાખેલી. તે વેચાણ દસ્તાવેજ મહેરબાન સુરત-૪(કતારગામ) ના સબ-રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં ૧ નંબરની બુકના ૧૧૭૫૮ નંબરે તારીખઃ ૫/૧૦/૨૦૦૭ ના રોજ રજીસ્ટર્ડ થયેલો. તે દસ્તાવેજ આધારે ખરીદનારનુ નામ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નં.૨૪૭૮ તારીખઃ ૧૦/૧/૨૦૦૮ થી દાખલ થયેલુ. તે નોંધ સામે રેવાબેન તે મણીલાલ વલ્લભભાઈની વિધવા, ગીતાબેન મણીલાલ, રાજેશભાઈ મણીલાલ, જયેશભાઈ મણીલાલ અને દક્ષાબેન મણીલાલએ વાંધા અરજી આપતા મામલતદારશ્રી, ચોર્યાસીની કોર્ટમાં આર.ટી.એસ. તકરારી કેસ નં.૩૨/૨૦૦૮ ઉપસ્થિત થયેલો. તે કામે મામલતદારશ્રી, ચોર્યાસીએ તારીખઃ ૩૦/૧૦/૨૦૦૮ ના રોજ હુકમ કરી વાંધેદારની વાંધા અરજી ગ્રાહય રાખવાપાત્ર નથી તે ગણી ફેરફાર નોંધ નં.૨૪૭૮ તારીખઃ ૧૦/૧/૨૦૦૮ પ્રમાણીત કરવા હુકમ કરેલો. તે આધારે ફેરફાર નોંધ નં.૨૪૭૮ તારીખઃ૩૦/૯/૨૦૦૮ ના રોજ પ્રમાણીત થયેલી.

મહેસુલી રેકર્ડ કોમ્પ્યુટરાઈઝ થતા તેની કામગીરી દરમ્યાન રેકર્ડ સાથે ચકાસણી કરતા વિસંગતતા / ક્ષતિ ધ્યાને આવેલી. તે દુરસ્ત કરવા મામલતદારશ્રી, ચોર્યાસી, સુરતએ તારીખઃ ૧૬/૬/૨૦૦૮ ના રોજ હુકમ કરેલો. બ્લોક નં.૧૭૨ ના રેકર્ડ ઉપર ફેરફાર નોંધ નં.૨૨૦૭ ની અસર બાકી રહેલી જે આંકવામાં આવેલી. રેકર્ડ પ્રમોલગેશનના સુધારા હુકમની નોંધ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નં.૨૪૯૯ તારીખઃ ૨૨/૭/૨૦૦૮ થી થયેલી અને તે એન્ટ્રી તારીખઃ ૧૬/૧૦/૨૦૦૮ ના રોજ પ્રમાણીત થયેલી.

ભારતીબેન તે નલિનકુમાર ચંદ્રકાંતની વિધવા, ભાવિની નલિનકુમાર, હિમાંશુ નલિનકુમાર અને ગીતાબેન ગુણવંતભાઈ પટેલ પાસેથી અંતિમ ખંડની જમીન પેકી ૧૩૧૪.૪૯ સમ ચોરસ મીટર જમીન તારીખઃ ૫/૧૦/૨૦૦૭ ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી મનસુખભાઈ ગંગદાસભાઈ પટેલએ વેચાણ રાખેલી. તે વેચાણ દસ્તાવેજ મહેરબાન સુરત-૪(કતારગામ) ના સબ-રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં ૧ નંબરની બુકના ૧૧૭૫૭ નંબરે તારીખઃ ૫/૧૦/૨૦૦૭ ના રોજ રજીસ્ટર્ડ થયેલો. તે દસ્તાવેજ આધારે ખરીદનારનુ નામ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નં.૨૫૧૨ તારીખઃ ૧૧/૧૧/૨૦૦૮ થી દાખલ થયેલુ. તે નોંધ સામે રેવાબેન તે મણીલાલ વલ્લભભાઈની વિધવા, ગીતાબેન મણીલાલ, રાજેશભાઈ મણીલાલ, જયેશભાઈ મણીલાલ અને દક્ષાબેન મણીલાલએ વાંધા અરજી આપતા મામલતદારશ્રી, ચોર્યાસીની કોર્ટમાં આર.ટી.એસ. તકરારી કેસ નં.૬/૨૦૦૯ ઉપસ્થિત થયેલો. તે કામે મામલતદારશ્રી, ચોર્યાસીએ તારીખઃ ૧૩/૮/૨૦૦૯ ના રોજ હુકમ કરી વાંધેદારની વાંધા અરજી ગ્રાહય રાખવાપાત્ર નથી તે ગણી ફેરફાર નોંધ નં.૨૫૧૨ તારીખઃ ૧૧/૧૧/૨૦૦૮ પ્રમાણીત કરવા હુકમ કરેલો. તે આધારે ફેરફાર નોંધ નં.૨૫૧૨ તારીખ:૨૦/૮/૨૦૦૯ ના રોજ પ્રમાણીત થયેલી. મજકૂર નોંધ સામે રેવાબેન તે મણીલાલ વલ્લભભાઈની વિધવા વગેરેએ નાયબ કલેકટરશ્રી, ઓલપાડ પ્રાંત સમક્ષ આર.ટી.એસ. અપીલ નં.૮૧/૨૦૧૧ (જુનો નં.૨૦૨/૦૯) દાખલ કરેલી. તે કામે વિવાદી અપીલ આગળ ચલાવવા માંગતા ન હોવાનુ કારણ ધ્યાને લઈ નાયબ કલેકટરશ્રીએ અપીલ નામંજુર કરેલી અને ફેરફાર નોધ નં.૨૫૧૨ તથા મામલતદારશ્રીના આર.ટી.એસ. તકરારી કેસ નં.૬/૨૦૦૯ તારીખઃ ૧૩/૮/૨૦૦૯ રદ કરવા હુકમ કરેલો. તે હુકમની નોંધ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નં.૨૭૧૭ તારીખઃ ૯/૨/૨૦૧૨ થી થયેલી અને તે એન્ટ્રી તારીખઃ ૨૧/૫/૨૦૧૨ ના રોજ પ્રમાણીત થયેલી. મનસુખભાઈ ગંગદાસ પટેલએ આર.ટી.એસ. અપીલ નં.૮૧/૨૦૧૧ (જુનો નં.૨૦૨/૨૦૦૯) ના હુકમ સામે કલેકટરશ્રી, સુરત સમક્ષ આર.ટી.એસ.રીવીઝન અરજી નં.૧૮૭/૨૦૧૨ દાખલ કરેલી. તે કામે કલેકટરશ્રી, સુરતએ અરજદારની અરજી મંજુર રાખી નાયબ કલેકટરશ્રીનો હુકમ નામંજુર કરી મામલતદારશ્રી ચોર્યાસીના આર.ટી.એસ. તકરારી કેસ નં.૬/૨૦૦૯ ના હુકમને કાયમ રાખવા હુકમ કરેલો. તે હુકમની નોંધ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નં.૨૯૪૯ તારીખઃ ૯/૧૨/૨૦૧૩ થી થયેલી અને તે નોંધ તારીખઃ ૩/૨/૨૦૧૪ થી પ્રમાણીત થયેલી.

ભારતીબેન તે નલિનકુમાર ચંદ્રકાંતની વિધવા, ભાવિની નલિનકુમાર, હિમાંશુ નલિનકુમાર અને ગીતાબેન ગુણવંતભાઈ પટેલ પાસેથી અંતિમ ખંડની જમીન પેકી ૨૭૯૩.૧૦ સમ ચોરસ મીટર જમીન તારીખઃ ૫/૧૦/૨૦૦૭ ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી નવીનભાઈ

મંગળદાસ પટેલ, જગદીશભાઈ મફતભાઈ પટેલ અને દિપકભાઈ મફતભાઈ પટેલએ વેચાણ રાખેલી. તે વેચાણ દસ્તાવેજ મહેરબાન સુરત-૪(કતારગામ) ના સબ-રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં ૧ નંબરની બુકના ૧૧૭૫૫ નંબરે તારીખઃ ૫/૧૦/૨૦૦૭ ના રોજ રજીસ્ટર્ડ થયેલો. તે દસ્તાવેજ આધારે ખરીદનારનુ નામ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નં.૨૫૧૬ તારીખઃ ૧૬/૧૨/૨૦૦૮ થી દાખલ થયેલુ. તે નોંધ સામે રેવાબેન તે મણીલાલ વલ્લભભાઈની વિધવા, ગીતાબેન મણીલાલ, રાજેશભાઈ મણીલાલ, જયેશભાઈ મણીલાલ અને દક્ષાબેન મણીલાલએ વાંધા અરજી આપતા મામલતદારશ્રી, ચોર્યાસીની કોર્ટમાં આર.ટી.એસ. તકરારી કેસ નં.૯/૨૦૦૯ ઉપસ્થિત થયેલો. તે કામે મામલતદારશ્રી, ચોર્યાસીએ તારીખઃ ૧૩/૮/૨૦૦૯ ના રોજ હુકમ કરી વાંધેદારની વાંધા અરજી ગ્રાહય રાખવાપાત્ર નથી તે ગણી ફેરફાર નોંધ નં.૨૫૧૬ તારીખઃ ૧૬/૧૨/૨૦૦૮ પ્રમાણીત કરવા હુકમ કરેલો. તે આધારે ફેરફાર નોંધ નં.૨૫૧૬ તારીખઃ૨૦/૮/૨૦૦૯ ના રોજ પ્રમાણીત થયેલી.

બ્લોક નં.૧૭૨ વાળી જમીનને લગતા ઉત્તરોત્તરના વેચાણ દસ્તાવેજ રદબાતલ જાહેર કરાવવા માટે અને તે આધારે થયેલ ફેરફાર નોંધ રદ કરવા માટે રેવાબેન મણીલાલ વગેરેએ મહેરબાન સુરતના પ્રિન્સીપલ સીનીયર સીવીલ જજ સમક્ષ રે.દિ.મુ.નં.૧૧૮/૨૦૦૮ નો દાવો દાખલ કરેલો અને તે દાવાની ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની કલમ-૫૨ હેઠળ સબ-રજીસ્ટ્રારશ્રી, સુરત-૪(કતારગામ)ની કચેરીમાં નોંધ નં.૧૫૩ તારીખઃ ૭/૧/૨૦૦૯ થી નોટીસ રજીસ્ટર્ડ કરાવેલી. તે લીસ પેન્ડન્સની નોટીસની નોંધ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નં.૨૫૧૯ તારીખઃ ૨૭/૧/૨૦૦૯ થી થયેલી. તે નોંધ સામે માવજીભાઈ પ્રેમજીભાઈ વગેરેએ વાંધા અરજી આપતા મામલતદારશ્રી, ચોર્યાસી સમક્ષ આર.ટી.એસ. તકરારી કેસ નં.૨૪/૨૦૦૯ ઉપસ્થિત થયેલો અને તે કામે મામલતદારશ્રી, ચોર્યાસીએ તારીખઃ ૧૯/૯/૨૦૦૯ ના રોજ હુકમ કરી વાંધેદારની વાંધા અરજી ગ્રાહય રાખી ફેરફાર નોંધ નં.૨૫૧૯ નામંજુર કરવા હુકમ કરેલો. તે હુકમ મુજબ ફેરફાર નોંધ નં.૨૫૧૯ તારીખઃ ૧/૧૦/૨૦૦૯ ના રોજ નામંજુર થયેલી. મજકુર નોંધ નામંજુર થવાથી રેવાબેન તે મણીલાલ વલ્લભભાઈની વિધવા વગેરેએ નાયબ કલેકટરશ્રી, ઓલપાડ પ્રાંત સમક્ષ આર.ટી.એસ. અપીલ નં.૧૦૦/૨૦૧૧ (જુનો નં.૧૭૧/૨૦૧૦) દાખલ કરેલી. તે કામે નાયબ કલેકટરશ્રીએ તારીખઃ ૧૯/૯/૨૦૧૧ ના હુકમથી વિવાદી પોતાની અરજી આગળ ચલાવવા માંગતા ન હોવાનુ કારણ ધ્યાને લઈ અપીલ રજીસ્ટર ઉપરથી કાઢી નાંખવા હુકમ કરેલો. તે હુકમની નોંધ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નં.૨૭૧૨ તારીખઃ ૨૪/૧/૨૦૧૨ થી થયેલી અને તે એન્ટ્રી તારીખઃ ૧૧/૫/૨૦૧૨ ના રોજ પ્રમાણીત થયેલી.

ફેરફાર નોંધ નં.૨૩૪૨, ૨૪૩૧ અને ૨૪૭૮ સામે રેવાબેન તે મણીલાલ વલ્લભભાઈની વિધવા વગેરેએ નાયબ કલેકટરશ્રી, ચોર્યાસી પ્રાંત, સુરત સમક્ષ આર.ટી.એસ. અપીલ નં.૨૧૮/૨૦૦૮ દાખલ કરેલી. પરંતુ તે કામે વિવાદીની સતત ગેરહાજરીના કારણે નાયબ કલેકટરશ્રીએ તેમના તારીખ: ૫/૧/૨૦૧૧ ના હુકમથી અપીલ દફતરે કરવાનો હુકમ કરેલો. તે હુકમની નોંધ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નં.૨૬૩૨ તારીખ: ૨૮/૨/૨૦૧૧ થી થયેલી અને તે એન્ટ્રી તારીખ: ૬/૯/૨૦૧૧ ના રોજ પ્રમાણીત થયેલી.

આર.ટી.એસ. તકરારી કેસ નં.૩૨/૨૦૦૮, ૯/૨૦૦૯ વિરૂધ્ધ રેવાબેન તે મણીલાલ વલ્લભભાઈ પટલની વિધવા વગેરેએ નાયબ કલેકટરશ્રી, ચોર્યાસી પ્રાંત સમક્ષ આર.ટી.એસ. અપીલ નં.૨૯૯/૨૦૦૮ તથા આર.ટી.એસ. અપીલ નં.૨૦૩/૨૦૦૯ દાખલ કરેલી. તે બન્ને અપીલો નાયબ કલેકટરશ્રીએ એકત્ર કરી તે બન્ને અપીલોમાં વિવાદીએ પોતાની વિવાદ અરજી બિનશરતી વિદ્રો કરવાની અરજી કરવાથી નાયબ કલેકટરશ્રીએ તેમના તા: ૯/૩/૨૦૧૧ ના હુકમથી કેસ રજીસ્ટરેથી કમી કરવા હુકમ કરેલો. તે હુકમની નોંધ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નં.૨૬૬૧ તારીખ: ૧૩/૬/૨૦૧૧ થી થયેલી અને તે એન્ટ્રી તારીખ: ૨૮/૯/૨૦૧૧ ના રોજ પ્રમાણીત થયેલી.

રેવાબેન તે મણીલાલભાઈ વલ્લભભાઈ પટેલની વિધવા વગેરેએ રે.દિ.મુ.નં.૧૧૮/૨૦૦૮ નો દાવો દાખલ કરેલો. તે દાવો બિનશરતી પાછો ખેંચી લીધેલો અને તારીખ: ૨૦/૧૨/૨૦૧૦ ના ત્રણ અલગ અલગ કબુલાતના દસ્તાવેજોથી વેચાણ દસ્તાવેજ નં.૯૩૫૦, ૧૧૭૫૮, ૧૧૭૫૫ તથા ૧૧૭૫૭ બિનશરતી કબુલ રાખેલા. તે કબુલાતના દસ્તાવેજો મહેરબાન સુરત-૪(કતારગામ) ના સબ-રજીસ્ટ્રાર સમક્ષ નોંધણી નં.૧૭૯૭૭, ૧૭૯૮૦ તથા ૧૭૯૮૨ નંબરે તારીખ: ૨૪/૧૨/૨૦૧૦ ના રોજ રજીસ્ટર્ડ થયેલા છે.

માવજીભાઈ પ્રેમજીભાઈ સવાણી વગેરેએ બ્લોક નં.૧૭૨ વાળી ૧૧૭૩૬ સમ ચોરસ મીટર અને ટી.પી. સ્કીમ નં.૯, ફાયનલ પ્લોટ નંબર જુનો ૧૨૧, નવો ફાયનલ પ્લોટ નં.૬ વાળી ૮૨૧૫ સમ ચોરસ મીટર જમીન નવી શરતમાંથી જુની શરતમાં રહેણાંક હેતુ માટે હેતુફેર કરવાના હુકમમાં જણાવેલ શરત નં.૩ મુજબ ૬ માસમાં બિનખેતી પરવાનગી મેળવેલ ન હોવાથી બિનખેતી પરવાનગી મેળવવા માટેની મુદતમાં વધારો કરી આપવા અરજી કરેલી. જે અંગે કલેકટરશ્રી, સુરતએ તેમના તારીખ: ૧૭/૧૧/૨૦૧૬ ના હુકમ નં.ગણત/ ૨/રજી.નં.૧૧૨/૧૫/વશી.૧૯૨૮/૧૬ થી ૬(છ) માસનો મુદત વધારો કરી આપેલો. તે હુકમની નોંધ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નં.૩૨૯૯ તારીખ: ૨૪/૧૧/૨૦૧૬ થી થયેલી અને તે એન્ટ્રી તારીખ: ૧૯/૧/૨૦૧૭ ના રોજ પ્રમાણીત થયેલી.

માવજીભાઇ પ્રેમજીભાઇ સવાણી વગેરેએ બ્લોક નં.૧૭૨ વાળી ૧૧૭૩૬ સમ ચોરસ મીટર અને ટી.પી. સ્કીમ નં.૯, ફાયનલ પ્લોટ નંબર જુનો ૧૨૧, નવો ફાયનલ પ્લોટ નં.૬ વાળી ૮૨૧૫ સમ ચોરસ મીટર જમીન વાણિજય હેતુસર ઉપયોગ કરવા હેતુફેરની મંજુરીના હુકમમાં સુધારા હુકમ કરી આપવા અરજી કરતા કલેકટરશ્રી, સુરતએ તેમના તા:૧૦/૩/૨૦૧૭ ના હુકમ નં.ગણત-૩/વાણિજય/રજી.નં.૧/૧૭/વશી.૩૨૦/૧૭ થી તે મુજબનો સુધારો કરી આપેલો. તે સુધારા હુકમની નોંધ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નં.૩૩૪૬ તારીખઃ ૩/૬/૨૦૧૭ થી થયેલી અને તે એન્ટ્રી તારીખઃ ૨૭/૭/૨૦૧૭ ના રોજ પ્રમાણીત થયેલી.

કલેકટરશ્રી, સુરતએ તેમના તારીખઃ ૨૩/૫/૨૦૧૭ ના હુકમ નં.એ/ જમન/તત્કાલ/એસઆર નં.૨૫/૧૭/આઇડી નં.૬૭૧૧૧/વશી.૩૦૨૨ થી ૩૦૩૫/ ૨૦૧૭ થી અંતિમ ખંડની ૮૨૧૫ સમ ચોરસ મીટર જમીન વાણિજય હેતુ માટે બિનખેતી કરી આપેલી. તે હુકમની નોંધ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નં.૩૩૬૬ તારીખઃ ૧૮/૭/૨૦૧૭ થી થયેલી અને તે એન્ટ્રી તારીખઃ ૧૯/૯/૨૦૧૭ ના રોજ પ્રમાણીત થયેલી.

માવજીભાઇ પ્રેમજીભાઇ સવાણી, નવીનભાઇ મંગળદાસ પટેલ, જગદીશભાઇ મફતલાલ પટેલ, દિપકભાઇ મફતભાઇ પટેલ અને મનસુખભાઇ ગંગદાસભાઇ પટેલએ અંતિમ ખંડ નં.૬ વાળી પુરેપુરી જમીન સ્વસ્તિક કોર્પોશનની ભાગીદારી પેઢીને તારીખઃ ૨૯/૬/૨૦૧૭ ના રોજના વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલી. તે વેચાણ દસ્તાવેજ મહેરબાન સુરત-૭(હજીરા) ના સબ-રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં ૧ નંબરની બુકના ૨૫૩૧ નંબરે તા:૬/૭/૨૦૧૭ ના રોજ રજીસ્ટર્ડ થયેલો. તે દસ્તાવેજ આધારે સ્વસ્તિક કોર્પોરેશનનુ નામ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નં.૩૩૭૧ તારીખઃ ૮/૮/૨૦૧૭ થી દાખલ થયેલુ અને તે એન્ટ્રી તારીખઃ ૬/૧૦/૨૦૧૭ ના રોજ પ્રમાણીત થયેલી.

ત્યારબાદ સ્વસ્તિક કોર્પોરેશનએ સદરહુ જમીનના સત્તા પ્રકાર બિનખેતી કરવા તથા અંતિમ ખંડની જમીન સિવાયની બાકી રહેતી જમીન સરકાર હસ્તક દાખલ થયેલી હોય, મુળ માલિકો રેવાબેન તે મણીલાલ વલ્લભભાઈની વિધવા વગેરેના નામો કમી કરવા મામલતદારશ્રી, ચોર્યાસી સમક્ષ અરજી કરતા મામલતદારશ્રી, ચોર્યાસીએ તેમના હુકમ નં.ઇ-ધરા/મોજે ભેંસાણ/ બ્લોક નં.૧૭૨ /સુધારા હુકમ રજી.નં.૮૫/૧૭/વશી.૧૭૧૪/૧૭ તારીખઃ ૨૧/૩/૨૦૧૮ થી સત્તા પ્રકારના સુધારાનો તથા મુળ માલિકોના નામો કમી કરવાનો સુધારાનો હુકમ કરેલો. તે સુધારા હુકમની નોંધ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નં.૩૪૪૫ તારીખઃ ૩૧/૩/૨૦૧૮ થી થયેલી અને તે એન્ટ્રી તારીખઃ ૨૮/૫/૨૦૧૮ ના રોજ પ્રમાણીત થયેલી.

સદરહુ જમીનમાં રહેણાંક કમ વાણિજયનો ઉપયોગ થઇ શકે તે હેતુથી હેતુફેરના હુકમમાં સુધારો કરવા અરજી કરતા કલેકટરશ્રી, સુરતએ તેમના હુકમ નંબરઃ ગણત-૫/રહેણાંક કમ વાણિજય/રજી.નં.૨૮/૨૦૨૦/વશી ૫૬૫/૨૦૨૦ તાઃ૬/૧/૨૧ થી તે મુજબનો સુધારો કરી આપેલો. તે સુધારા હુકમની નોંધ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નં.૩૭૮૧ તારીખઃ ૧૩/૧/૨૦૨૧ થી થયેલી.

કલેકટરશ્રી, સુરતએ તેમના હુકમ નં.૫૫૩/૨૨/૧૦/૦૧૧/૨૦૨૧ તા:૧૭/૫/૨૦૨૧ થી મજકૂર અંતિમ ખંડની જમીન બહુહેતુક હેતુ માટે બિનખેતી કરી આપેલી. તે હકુમની નોંધ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નં.૩૮૦૮ તારીખઃ ૧૭/૫/૨૦૨૧ થી કરવામાં આવેલી છે.

સુરત મહાનગરપાલિકાએ રજાચીઠ્ઠી નં.એસએમસી/૨૨-૧૨-૨૦૨૦ /૧૫૯૯૬૯૦/૦૧/૦૧૬૪૮૯ તારીખઃ ૪/૨/૨૦૨૧ થી સબડીવીઝનના પ્લાન મંજુર કરી આપેલા. તે મુજબ સદરહુ અંતિમ ખંડની જમીનમાં ૨ (બે) સબ પ્લોટ કરવામાં આવેલા છે. તે પૈકી સબ પ્લોટ નં.૨ વાળી ૪૧૦૭.૫૦ સમ ચોરસ મીટર ક્ષેત્રફળની જમીન સ્વસ્તિક કોર્પોરેશન, એક ભાગીદારી પેઢી પાસેથી તારીખઃ ૬/૧૨/૨૦૨૨ ના વેચાણ દસ્તાવેજથી પાશ્વ એન્ટરપ્રાઈઝ એલએલપી એ વેચાણ રાખેલી. મજકુર વેચાણ દસ્તાવેજ મે. સુરત/૭/હજીરા ના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમા ૧ નંબરની બુકના ૮૯૮૧ નંબરે તારીખઃ ૬/૧૨/૨૦૨૨ ના રોજ રજીસ્ટર્ડ થયેલો. તે દસ્તાવેજ આધારે પેઢીનું નામ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નંબરઃ ૪૦૬૪ તારીખઃ ૧૬/૧૨/૨૦૨૨ થી દાખલ થયેલું છે અને તે એન્ટ્રી તારીખઃ ૭/૨/૨૦૨૩ ના રોજ પ્રમાણીત થયેલી છે.

**૨)** સુરત મહાનગરપાલિકાએ રજાચીઠ્ઠી નં. ટી.ડી.ઓ./ડીપી/ નં. ૧૦૬ તારીખઃ ૨૬/૪/૨૯૨૩ થી સદરહુ જમીન ઉપર રહેણાંક હેતુના બાંધકામ માટેના પ્લાન મંજુર કરી આપેલા છે. મંજુર પ્લાન મુજબ પેઢીએ બાંધકામ શરૂ કરેલુ છે અને તે ઉપર **'પ્રતિષ્ઠા હાઈટસ'** નામથી ઓળખાતા પ્રોજેકટનુ આયોજન કરેલુ છે.

**૩)** સદરહુ જમીનના ટાઈટલ બાબતે અમે એડવોકેટ કેયુર વાય શુકલા મારફતે સબ-રજીસ્ટ્રારશ્રી, અડાજણની કચેરીમાં સને-૧૯૯૪ થી આજદિન સુધીની શોધ કરાવી છે. તે શોધમાં મજકૂર જમીન ઉપર કોઈપણ પ્રકારના બોજા નોંધાયેલા મળી આવતા નથી. એડવોકેટશ્રી કેયુર વાય શુકલા ના રીપોર્ટની નકલ આ સાથે સામેલ કરેલી છે.

૪) ઉપરોક્ત સંજોગોમાં જમીનના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાનો તથા જમીન નજોખમી હોવાનો અમારો અભિપ્રાય છે. અમારો આ અભિપ્રાય આ સાથે સામેલ એનેક્ષરમાં જણાવેલા કાગળોની તપાસ ઉપર આધારીત છે.

સુરત.

તારીખ: ૨૦/૫/૨૦૨૩

MAHARSHI H. LAIWALA
(ENROLLMENT NO : G/2407/2006)

**-// એનેક્ષર //-**

૧. મોજે ગામ: ભેંસાણ, તાલુકો: ચોર્યાસીના સરવે નં.૯૭, બ્લોક નં.૧૭૨ વાળી જમીન સને-૧૯૪૮ થી સને-૨૦૨૩ ની ૭/૧૨ નકલ.
૨. ઉપરોક્ત જમીનના મહેસુલી રેકર્ડ ઉપર થયેલ તમામ ફેરફાર નોંધ નં.૬ ની નકલ.
૩. રે.દિ.મુ.નં.૧૧૮/૨૦૦૮ ના આંક-૬૬ ના હુકમની નકલ.
૪. કલેકટરશ્રી, સુરતના હુકમ નં.ગણત/નશજ/વશી.૪૭૦૩/૨૦૦૫/ એસઆર નં.૧૭/૦૪ તારીખ: ૧૮/૮/૨૦૦૫ ની નકલ.
૫. કલેકટરશ્રી, સુરતના હુકમ નં.ગણત/૨/રજી.નં.૧૧૨/૧૫/વશી.૧૯૨૮/૧૬ તારીખ: ૧૭/૧૧/૨૦૧૬ ની નકલ.
૬. કલેકટરશ્રી, સુરતના હુકમ નં.ગણત-૩/વાણિજય/રજી.નં.૧/૧૭/વશી.૩૨૦/૧૭ તારીખ: ૧૦/૩/૨૦૧૭ ની નકલ.
૭. કલેકટરશ્રી, સુરતના હુકમ નં.એ/જમન/તત્કાલ/એસઆર નં.૨૫/૧૭/આઇ.ડી.નં.૬૭૧૧૧/વશી.૩૦૨૨ થી ૩૦૩૫/૨૦૧૭ તારીખ: ૨૩/૫/૨૦૧૭ ની નકલ.
૮. કલેકટરશ્રી, સુરતના હુકમ નં.ગણત-૫/રહેણાંક કમ વાણિજય/રજી.નં.૨૮/૨૦૨૦/વશી.૫૬૫/૨૦૨૦ તારીખ: ૬/૧/૨૦૨૧ ની નકલ.
૯. કલેકટરશ્રી, સુરતના હુકમ નં.૫૫૩/૨૨/૧૦/૦૧૧/૨૦૨૧ તારીખ: ૧૭/૫/૨૦૨૧ ની નકલ.
૧૦. વેચાણ દસ્તાવેજ નં.૮૯૮૧/૨૦૨૨ - ખરીદનાર પાશ્વ એન્ટરપ્રાઈઝ એલએલપી ની નકલ.
૧૧. રજાચીઠ્ઠી નં.ટીડીઓ/ડીપી/નં.૧૦૬ તારીખ: ૨૬/૪/૨૦૨૩ ની નકલ
૧૨. એડવોકેટશ્રી કેયુરભાઈ શુકલા ના સર્ચ રીપોર્ટ તારીખ: ૧૯/૫/૨૦૨૩ ની નકલ.